વધુ પડતી સુવિધાઓ સગવડો 'કાર્યશક્તિ'ના જયને બદલે ક્ષયનું નિમિત્ત બને છે

- ઝેન કથન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૧૬ | ૧૭ ઓકટોબર, ૨૦૧૪, શુક્રવાર ; આસો વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## શહેરમાં આવકવેરા વિભાગના દરોડા

### આવકવેરા વિભાગના અધિકારીઓની એક બિલ્ડર અને બે જ્વેલર્સને ત્યાં તપાસ : દિવાળી ટાણે વેપારીઓમાં ફફડાટ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરમાં દિવાળી ટાણે વેપારીઓ માથે ચિંતાના વાદળો ઘેરાયા છે. એક બાજુ બજારમાં તેજીના ચમકારા વચ્ચે આવકવેરા વિભાગે પણ સપાટો બોલાવતા બિલ્ડર ગ્રુપ અને મોટા વેપારીઓમાં પણ ફફડાટ પ્રવર્ત્યો છે. ગઈકાલે રાત્રે આઈ.ટી. વિભાગના અધિકારીઓએ એક બિલ્ડર ગૃપ તેમજ શહેરના બે જાણીતા જ્વેલર્સને મકાનોમાં દરોડા પાડતા વેપારીઆલમમાં સન્નાટો મચી ગયો છે. બિલ્ડર તેમજ જ્વેલરીને ત્યાંથી કરચોરીનો મોટો આંકડો વસુલાય તેવી પણ સંભાવના પ્રબળ બની છે.

દિવાળી સમયે બજારમાં ઘરાકીની મૌસમ વચ્ચે બિઝનેસમાં ગરમાવો જોવા મળે છે. જ્યારે નગરના મોટાભાગના વેપારીઓ દિવાળીની સીઝન ધંધાની દૃષ્ટિએ ફેવરેબલ નિવડે તેવા પ્રયાસોમાં વ્યસ્ત હોય છે. ત્યારે વેપારી વર્ગના માથે ચિંતાના વાદળો ઘેરાતા હોવાનું સ્પષ્ટ થયું છે. દિવાળી દરમિયાન મીઠાઈ-ફરસાણની દુકાનોમાં પણ વિશેષ રીતે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા આરોગ્યલક્ષી ચકાસણી હાથ ધરી જનઆરોગ્યના હીતમાં વિવિધ પ્રોડક્ટસની તપાસ કરવામાં આવે છે. આ ઉપરાંત સેલટેક્ષ અને ઈન્કમટેક્ષ વિભાગ દ્વારા પણ કરચોરીને ડામવા આકસ્મિક દરોડા પાડવામાં આવતા હોવાના કિસ્સાઓ પણ પ્રકાશમાં આવે છે. ગાંધીનગરમાં પણ દિવાળી ટાણે આવકવેરા વિભાગ હસ્તકમાં આવતા નગરના એક બિલ્ડર ગૃપ તેમજ બે જ્વેલરી શૉ રૂમમાં ગઈકાલે રાત્રે વિભાગના અધિકારીઓએ દરોડા પાડી તપાસ હાથ ધરી હતી. આ બિલ્ડરને ત્યાં વિભાગની હેડ ઓફિસ તેમજ ગાંધીનગર સર્કલ ઓફિસના

● અનુસંધાન પાન-૭ પર

## પોલીસતંત્રમાં ફેરફારોનો ગોઠવાતો તખ્તો

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યના પોલીસતંત્રમાં બઢતીઓ અને બદલીઓનો દોર હાથ ધરીને દિવાળીની ભેટ આપવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ગૃહ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના પોલીસતંત્રમાં ઉચ્ચ પોલીસ અધિકારી સંવર્ગની કેટલીક જગ્યાઓ ખાલી છે. આ ખાલી જગ્યાઓ બઢતીથી ભરવા માટેની કવાયત ગૃહ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ડી.આઈ.જી.માંથી આઈ.જી. સંવર્ગમાં અને એસ.પી. માંથી ડી.આઈ.જી. સંવર્ગમાં બઢતી આપવા માટે ડીપાર્ટમેન્ટલ પ્રમોશન કમીટિની બેઠક એક બે દિવસમાં જ મળનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ સપ્તાહના અંતમાં બઢતી માટેની પસંદગી યાદીની પ્રક્રિયાઓ પૂર્ણ કરવામાં આવ્યા બાદ આગામી સપ્તાહમાં દિવાળીના તહેવાર પહેલા બઢતી અને બદલીઓનો મોટો ઘાણ કાઢીને પોલીસતંત્રમાં ધરખમ ફેરફારો કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઉપરાંત ડી.વાય.એસ.પી. પી.આઈ. કક્ષાના અધિકારીઓની પણ બદલીઓનો દોર હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.



રંગોળી - ઘરના આંગણે રંગોથી ગણેશજી પ્રગટ્યા... મધ્યમ વર્ગીય સમાજ દિવાળીના આગમનને વધાવવા આંગણે ગણપતિની પ્રતિકૃતિવાળી રંગોળી સજાવી ઉલ્લાસ અને આનંદને અભિવ્યક્ત કરે છે... સાથોસાથ સ્વચ્છ નગર- સ્વચ્છ ભારતનો સંદેશ પર્વની ઉજવણીની સાથે જોડીને રાષ્ટ્ર પરત્વેની જવાબદારી અદા કરતાં સંવેદનશીલ સમાજને સલામ પાઠવીએ... આ જ ખુમારી છે... મધ્યમ વર્ગીય સમાજની... સમયનું અને મર્યાદાઓનું આનંદમાં રૂપાંતરિત કરવાની અનોખી શૈલી... (તસવીર : કશ્યપ નિમાવત)

## આજે મહાત્મા મંદિર ખાતે અર્બન ડીઝાઈન એન્ડ પ્લાનીંગ સેમીનાર

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યમાં વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૫ અંતર્ગત વિવિધ સેમીનારોનું આયોજન કરવામાં આવી રહ્યું છે જેના ભાગરૂપે તા. ૧૭ ઓક્ટોબરના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે 'અર્બન ડીઝાઈન એન્ડ પ્લાનીંગ લુકીંગ એટ સ્માર્ટસ ઓપ્શન' વિષયક સેમીનારનું આયોજન કરાયું છે. આ સેમીનારમાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ અધ્યક્ષસ્થાને રહેશે. આ પ્રસંગે શહેરી ગૃહનિર્માણ રાજ્ય મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી, અન્ય મંત્રીશ્રી ખાસ ઉપસ્થિત રહેશે.

આ સેમીનાર અંતર્ગત દિવસ દરમ્યાન ઉદ્‌ઘાટન સેશન્સ બાદના ૧૧.૦૦ થી ૧૨.૪૫ ના પ્રથમ સેશનમાં 'ન્યૂ સીટીઝ : એડપ્ટીંગ ધ કોન્સેપ્ટ ફોર ઈન્ડિયા' અને બપોરના ૧૩.૪૫ થી ૪.૩૦ દરમ્યાન બીજા સેશનમાં 'કન્સ્ટ્રેસ્ટ એન્ડ સોલ્યુશન ફોર રીવેમ્પીંગ એક્સીસ્ટીંગ મેઘા સીટીંઝ ઈન ઈન્ડિયા' વિષય પર તજજ્ઞો દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવશે. બન્ને સેશનની સમાપ્તિ બાદ પ્રશ્નોત્તરીનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિકાસલક્ષી બાબતોનું આદાન પ્રદાન કરાશે.


## નારાયણ દેસાઈ ગાંધીજીના ત્રણ સિદ્ધાંતો પર પુસ્તકો લખવામાં વ્યસ્ત

### ગાંધીજીના એકાદસ વ્રત સહિત ગાંધીજીએ માનવજાતને આપેલ ત્રણ ભેટ વિશે નારાયણ દેસાઈ પુસ્તકો લખી રહ્યા છે

ગાંધીનગર, તા. ૧૬

જાણીતા ગાંધીકથાકાર નારાયણ દેસાઈ ગાંધીજીના વિચારોને વિશ્વ સમક્ષ લાવવા અને તેનો ફેલાવ કરવામાં હંમેશા વ્યસ્ત રહે છે. ૯૦ વર્ષની જૈફ વયે પણ તેઓ ગાંધીજીના વિચારોના પ્રચાર-પ્રસાર માટે એક નવયુવાનની જેમ વ્યસ્ત રહે છે. હાલમાં તેઓ ગાંધીજીએ માનવજાતને આપેલ ત્રણ વિચાર ભેટ પર પુસ્તક લખી રહ્યા છે.

ભારતને અંગ્રેજોના હાથમાંથી મુક્તિ અપાવવા માટે ગાંધીજીએ સત્યાગ્રહનું હથિયાર ઉગામ્યુ હતુ. જે ઘણા ખરા અંશે સફળ રહ્યું. ગાંધીજીનો આ વિચાર ખુબ જાણીતો બન્યો. આ સિવાય પણ એવા ઘણા કાર્યો છે, એવા ઘણા વિચારો છે જે ગાંધીજીએ માનવકલ્યાણ અર્થે ઉપયોગમાં લીધા હોય. ગાંધીજીએ



ગ્રામ વિસ્તારોના ઉત્થાન માટે ઘણી સંસ્થાઓનું નિર્માણ કર્યું છે. આ ઉપરાંત ગાંધીજીએ સ્થાપેલ આશ્રમોમાં રહેનારાઓએ એકાદસ એટલે કે અગિયાર વ્રતોનું પાલન કરવુ પડતુ હતુ. જેમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અસંગ્રહ, શ્રમ, આસ્વાદ, અભય, સર્વ ધર્મ સમાનતા, સ્વદેશી અને અસ્પૃશ્યતાનો સમાવેશ થાય છે. ગાંધીજી પણ આ અગિયાર વ્રતોનું ખુબ ચુસ્તતાથી પાલન કરતા હતા.માત્ર ભારતીયો જ નહી પરંતુ સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી એવા આ ગાંધીજીના વિચારો વિશે લોકો વધુ ને વધુ જાણે તેવા પ્રયત્નો ગાંધીકથાકાર નારાયણભાઈ દેસાઈ કરી રહ્યા છે. હાલમાં તેઓ આ વિષય પર ત્રણ પુસ્તકો લખવામાં વ્યસ્ત છે. નારાયણ દેસાઈએ આ અગાઉ 'મારુ જીવન એ જ મારો સંદેશ' પુસ્તક લખ્યુ છે. જેને મુર્તિદેવી પુરસ્કાર પ્રાપ્ત થયો છે.



(તસવીર : દિપક જાની)

શીંગચણા - જોતાની સાથે જ મોંમા પાણી આવી જાય એવી આ તસવીર... જોવાની પણ મજા પડે છે... સીંગચણા પૌષ્ટિક નાસ્તો... પોષણક્ષમ નાસ્તો... અને સરળતાથી પ્રાપ્ત થતો નાસ્તો... હરતા-ફરતા, વાંચતા-લખતા શીંગચણા ખાઈ શકાય... શક્તિવર્ધક અને નિર્દોષ શીંગચણા એટલે અમીર-ગરીબ, અબાલવૃદ્ધ સૌને એકી અવાજે સ્વીકાર્ય એવો શીંગચણાનો નાસ્તો - ઠંડીના પગરવની સાથે સાથે કફ સામે લડવા શીંગચણા આવી પહોચ્યા છે... ગાંધીનગરમાં મોટાભાગના બજારોમાં શીંગચણાની લારીઓ હવે સુલભ બનતી જાય છે...

## સચિવાલયમાં દિવાળી રજાઓનો માહોલ

ગાંધીનગર, તા.૧૬

મંત્રીઓ આજથી ગરીબ કલ્યાણ મેળા કાર્યક્રમમાં જતાં સચિવાલયમાં દિવાળીના તહેવારો પૂર્વે જ રજા જેવો માહોલ સર્જાયો છે.

સરકારી કચેરીઓમાં ૨ ઉથી સળંગ ચાર દિવસની સળંગ રજાઓ આવે છે ત્યાર બાદ ચાર દિવસની રજાઓ કર્મચારીઓ લે તો સળંગ આઠ રજાનો લાભ કર્મચારીઓને મળે છે.

મંત્રીઓ આજથી ગરીબ કલ્યાણ મેળાના કાર્યક્રમ માટે જિલ્લાના પ્રવાસે જતાં મંત્રી કાર્યાલયો સુમસામ બન્યા છે તેમજ વિભાગોમાં પણ કર્મચારીઓની પાંખી હાજરી જોવા મળી રહી હતી.

સરકારી કચેરીઓમાં દિવાળીના તહેવારો પૂર્વે જ રજા જેવો માહોલ સર્જાયો છે. બીજી બાજુ આ વખતે રાજય સરકારે કર્મચારીઓને સાત ટકા ડી.એ. રોકડમાં ચૂકવતાં તેમજ વર્ગ-૪ના કર્મચારીઓને દિવાળી બોનસ અને તહેવાર પેશગીમાં વધારો કરતાં કર્મચારીઓ ખુશહાલ છે તેમજ દિવાળીના તહેવારોને ધ્યાને લઈ સરકારે ચૂકવણું કરતાં બજારમાં ખરીદી માટે ભીડ પણ જોવા મળી રહી છે.

શનિવારથી શાળા-કૉલેજોમાં દિવાળી વેકેશન આરંભાશે અને ત્યારથી જ ગાંધીનગર શહેરના સરકારી અને બિનસરકારી કર્મચારીઓ બહાર ફરવા માટે નિકળી પડશે


**PDPU** CENTER OF CONTINUING EDUCATION

PANDEET DEENDAYAL PETROLEUM UNIVERSITY

IAS Coaching (English Medium)

Option - I Prelims: Paper - I GS, Paper - II CSAT

Option -II Mains: GS Paper I to IV, Guidance for Essay & Interview

Option-III Prelims +Mains

New Batch for IAS/IPS/IFS/IRS...
UPSC Priminary Exam & Main Exam 2015 at Affortable fees
For Details:cce@pdpu.ac.in


## સેમેસ્ટર-૩માં ભૌતિક વિજ્ઞાનનું પેપર ખુબ અઘરૂ

### સેમેસ્ટર-૧માં અંગ્રેજીના પેપરમાં વિદ્યાર્થીઓને તકલીફ ન પડી : ભૌતિક વિજ્ઞાનના પેપરમાં વિદ્યાર્થીઓ મુંઝાયા

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવી રહેલ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં આજે સેમેસ્ટર-૧માં અંગ્રેજી અને સેમેસ્ટર-૩માં ભૌતિક વિજ્ઞાનની પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષા સંપૂર્ણ રીતે શાંતિમય વાતાવરણમાં લેવામાં આવી હતી. રાજ્યમાં એકપણ કોપી કેસ ન નોંધાતા બોર્ડ રાહતના શ્વાસ લીધા હતા. ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં આજે અંગ્રેજી વિષયની પરીક્ષા હતી. આ પરીક્ષામાં રાજ્યભરમાંથી નોંધાયેલા ૧,૩૪,૪૩૦ વિદ્યાર્થીઓમાંથી ૧,૩૫,૫૪૧ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા જ્યારે ૧૧૧૧ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. પરીક્ષા દરમ્યાન રાજયમાં એક પણ ગેરરીતીનો કેસ નોંધાયો ન હતો. જ્યારે અંગ્રેજીનું પેપર પ્રમાણમાં સરળ રહ્યું હોવાનું વિદ્યાર્થીઓ તરફથી જાણવા મળ્યું હતું જ્યારે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૩માં આજે ભૌતિક વિજ્ઞાનની પરીક્ષા હતી. આ પરીક્ષામાં રાજ્યભરમાંથી નોંધાયેલા

● અનુસંધાન પાન-૭ પર


પ્રણામ



આજે
બારમી પુણ્યતિથિએ...
દિવ્ય આત્માને
શત્ શત્ પ્રણામ

વાસુદેવ વિષ્ણુપ્રસાદ જહા
મહાપ્રયાણ - આસો વદ-૯, વિ.સં. ૨૦૫૮

न जायते म्रियते वा कदाचि-
न्नायं भूत्वा भविता न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे ॥
॥ શ્રીમદ ભગવદ ગીતા ૨:૨૦ ॥

આ આત્મા કદી જન્મતો નથી કે મરતો નથી, ન તો એ ઉત્પન્ન થઈ ફરી પેદા થવા વાળો છે. તે તો અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છે. શરીરે હણવાથી તે હણાતો નથી
॥ શ્રીમદ ભગવત્ ગીતા ૨:૨૦ ॥

લિ.

કૃષ્ણકાન્ત - સ્મિતા ● ભાગ્યેશ - ઝરણા ● પ્રકાશ - વંદના
જાગૃતિ - બિપીનકુમાર ● ચારૂ-દર્શનકુમાર
પ્રાર્થના - અનિષકુમાર ● ચિન્મય - વૈભવી
લજ્જા - વિધી - શુભાંગ - કૃપાંશી



MAS દિવાળી ઉત્સવ

આપના પોતાના ઘરનું સ્વપ્નું હવે થશે સાકાર
• હોમ લોન • રીનોવેશન લોન • એક્ષટેન્શન લોન
માસ રૂરલ હાઉસિંગ એન્ડ મોર્ગેજ ફાયનાન્સ લિમિટેડ

આપનું મનપસંદ ટુ-વ્હીલર વસાવો
0% ના વ્યાજ દરે

કેશ લોન
1 લાખ સુધી
ફક્ત 3 દિવસમાં

શોપ લોન
દુકાનની વેલ્યુએશનના 50% સુધી લોન મેળવો

મશીનરી લોન
મશીનની કિંમતનાં 80% સુધી લોન
CNC, VMC અને પ્લાસ્ટીક ઈન્જેક્શન મોલ્ડીંગ મશીન પર 15% સબસીડી

માસ ફાયનાન્સિયલ સર્વિસીસ લિમીટેડ
ગાંધીનગર : પ્લોટ નં. ૯૯૪, વિશ્વકર્મા શોપીંગસેન્ટર, પેટ્રોલપંપ નજીક, સેક્ટર ૨૧
ફોન : ૦૭૯-૨૩૨૬૧૧૫૫
કડી : ફોન : ૦૨૭૬૪-૨૪૦૨૩૨
મહેસાણા : ફોન : ૩૨૭૪૫૪,૨૪૪૮૬૬
ઈડર : મો.: ૯૩૭૪૦૦૬૪૨૭
હિંમતનગર : ફોન : ૦૨૭૭૨-૨૨૯૬૯૦
9904301350/51